**વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત**

ઇ.એમ.આર.એસ. સાગબારા, જિ.નર્મદા ના બાંધકામ માટે ગેપ ફંડીંગની રૂ.૧૦૦.૦૦/- લાખની જોગવાઇ કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: EMRS-102017-1171-P

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૧/૦૪/૨૦૧૮

**વંચાણે લીધા** :-

(૧) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૩૦/૧૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૧૭/૧૯૫૯/૧૧૯૮

(૨) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૨૬/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/૨૦૧૭/૧૯૫૯/૧૮૨૬

(3) આદિજાતિ મંત્રાલય,ભારત સરકારનો તા.૦૮/૦૬/૨૦૧૭નો પત્ર ક્રમાંક:11015/05/2017-TSP

**પ્રસ્તાવના** :-

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી દ્વારા આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ઈ.એમ.આર.એસ.( એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ)નું સંચાલન કરવામાં આવે છે. સદર શાળાઓનો મુખ્ય હેતુ આદિજાતિ વિદ્યાર્થીઓનો શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ કરવાનો છે. ઉક્ત વંચાણે લીધા ક્રમાંક(3)થી વર્ષ ૨૦૧૭-૧૮માં ઈ.એમ.આર.એસ. સાગબારાના બાંધકામ માટે રૂપિયા ૧૨ કરોડ મંજૂર કરેલ છે. સદર કામ માટે ગેપ ફંડીંગ પેટે રાજ્યભારણની અંદાજીત રૂ.૮.૪૭ કરોડ રકમની જરૂર પડે જે ધ્યાનમાં લઇને સદરહુ શાળાના બાંધકામ માટે ગેપ ફંડીગ રકમ મેળવવા વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૧૦૦.૦૦ લાખની દરખાસ્ત ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) ના પત્રથી કરવામાં આવેલ. જે ધ્યાનમાં લઇને કુલ રૂ.૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ પુરા) ની નવી બાબતની વર્ષ ૨૦૧૮-૧૯ માં કરવામાં આવેલ જોગવાઇને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

